**પ્રધાનમંત્રીએ બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં 17મા BRICS શિખર સંમેલન દરમિયાન ઉરુગ્વેના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી (07 જુલાઈ, 2025)**

07 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં BRICS શિખર સંમેલન દરમિયાન ઉરુગ્વે ઓરિએન્ટલ રિપબ્લિકના રાષ્ટ્રપતિ, મહામહિમ યામંડૂ ઓરસી સાથે મુલાકાત કરી.

2. બે નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના બધાજ પહેલુઓ પર ચર્ચા કરી. તેમણે ડિજિટલ સહયોગ, ICT, ડિજિટલ સાર્વજનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને UPI, સંરક્ષણ, રેલવે, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ, ઉર્જા, સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોના ક્ષેત્રોમાં સહકારની સમીક્ષા કરી હતી. દ્વિપક્ષીય વેપાર અને રોકાણને મજબૂત બનાવવા પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ ભારત-MERCOSUR પ્રેફરેન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટના વિસ્તરણમાં રસ દાખવ્યો હતો, જેનો હેતુ વધુ આર્થિક ક્ષમતા અને વેપાર પૂરકતાઓની સંભાવનાઓ ઊભી કરવાનો છે.

3. પ્રધાનમંત્રીએ તાજેતરમાં જ પહલગામમાં થયેલ જઘન્ય આતંકવાદી હુમલાની કડક નિંદા કરવા બદલ રાષ્ટ્રપતિઓ ઓરસીનો આભાર માન્યો અને બધા જ પ્રકારના આતંકવાદ સામેની લડાઈમાં ભારત સાથેની ઉરુગ્વેની એકતાનાં વખાણ કર્યાં.

4. બેઠકમાં બેંને દેશોએ પ્રગતિશીલ દ્વિપક્ષીય ભાગીદારીને વિકસાવવા માટે પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી.

રિયો ડી જાનેરો

07 જુલાઈ, 2025